| | | |
|---|---|---|
| वर्ष : १२ | सने : २०१९ | सं.२०७५ |
| अंक : २, | સળંગ અંક-૮૭ | ज्येष्ठ-जून |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૨ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૨ જૂન / જ્યેષ્ઠ સળંગ અંક-૮૭

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978

**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે

★ સંસાર અમૃત જેવો કે ઝેર જેવો

★ વાંચનમાંથી વીણેલું

★ આ અંકની લઘુકથા


## આર્ષવાણી

**यत्नानुसारिणी विद्या,**

**लक्ष्मीः पुण्यानुसारिणी ।**

**दानानुसारिणी कीर्तिः,**

**बुद्धिः कर्मानुसारिणी।।**

વિદ્યા પુરુષાર્થને આધીન છે. લક્ષ્મી પુણ્યના અનુસારે (પ્રમાણે) પ્રાપ્ત થાય છે. કીર્તિ દાનના આધારે ફેલાય છે અને બુદ્ધિ કર્મના ઉદય પ્રમાણે ઉજાગર થાય છે.

તીર્થયાત્રા (ગમન)થી ચરણ પાવન કર. જ્ઞાન દ્વારા હૃદયને પવિત્ર બનાવ. શ્રીજિનેશ્વરનાં નામ સ્મરણથી મુખને પાવન કર. જ્યારે દાન દ્વારા હાથને પવિત્ર બનાવી દે.



## ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે ★★★

**'સુખમાં લીન ન બનવું, દુઃખમાં દીન ન બનવું. દુઃખ મારા (અશુભ) પૂર્વકર્મના ઉદયથી આવ્યું છે. સુખ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. ધર્મ, સુખ-દુઃખ બંનેને પચાવવાનું શિખવે છે. કર્મ-સરકારનો અદલ ઈન્સાફ મળે છે. ત્યાં પોપાભાઈનું રાજ્ય નથી.' - પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

આપણને સમજતાં - વિચારતાં આવડે તો કર્મ એક પાઠશાળા છે. તે આપણને શિક્ષણ આપે છે. આપણે એમાંથી શિક્ષણ લેવાની જગ્યાએ; અશુભ કર્મના ઉદયે સજા ભોગવીએ છીએ, શુભકર્મના ઉદયે મજા ભોગવીએ છીએ... આવું માની લઈએ છીએ. સજા ભોગવવાનો વિચાર આપણને દીન બનાવે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં તાણી જાય છે. મજા ભોગવવાનો વિચાર આસક્ત જીવોને લીન બનાવે છે. પરંતુ તે સમયે એ જ વસ્તુને પાઠશાળામાં બેસી સમજીએ તો ખ્યાલ આવશે કે - એમાં પણ દુર્ધ્યાનનો જ ભોગ બનીએ છીએ. શુભકર્મનો ઉદય પચાવતાં ન આવડે તોય દુર્ધ્યાન ને અશુભકર્મનો ઉદય પચાવતાં ન આવડે તોય દુર્ધ્યાન જ થાય.

શુભકર્મના ઉદયે મળેલી અનુકૂળ ભૌતિક સામગ્રી જીવને મોહાધીન બનાવે છે. રાગના અને રતિના ભાવથી રંગી નાખે છે. આ રાગ - રતિના ભાવો પણ દુર્ધ્યાન છે ; આ સમજ શાસ્ત્રના માધ્યમથી એને વિચારો તો જ મગજમાં ઊતરે. શાસ્ત્રના માધ્યમથી, શાસ્ત્રપંક્તિઓ - કર્મસાહિત્યના અવગાહનથી આ તમામ વિચારો કરવા એનું જ નામ છે : પાઠશાળા. આ પાઠશાળા જીવને મિથ્યા માન્યતાઓથી બચાવે છે. સમ્યગ્જ્ઞાનના માર્ગે લઈ જાય છે. રાગાદિ દોષોથી બચાવી વિરાગભાવ કે માધ્યસ્થ ભાવમાં લઈ જઈ કર્મના બંધથી બચાવે છે. ગુણ - દોષની સાચી વિચારણા કરાવે છે.

ઈન્દ્રાદિ દેવોમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે જીવો આવી પાઠશાળાનો ઉપયોગ કરે છે, તેથી જ ઘણા રાગ-મોહના ઝેરથી બચી જાય છે. નારકી જીવોમાં જે સમ્યગદૃષ્ટિ છે તેઓ પણ આ પાઠશાળાના પ્રભાવે જ જૂનાં કર્મોની હોળી કરી નવાં પાપકર્મોથી આબાદ બચી જાય છે. ત્યાં દીન ન બનતાં, હાય-વોય ન કરતાં મેં જ બાંધ્યાં છે. મારે જ ભોગવવનાં છે. સુખનો ભાગ પડાવવા, હિસ્સો લેવા બધા તૈયાર થાય, દુઃખમાં ભાગ પડાવનાર કોઈ જ નહિ, હા, દુઃખમાંય દુર્ધ્યાનથી બચાવનાર પાઠશાળા છે. સુખના ભોગવટા સમયે લીન ન બનવા દેનાર, મોહનો નશો ન ચઢવા દેનાર, સુખનો રાગ જ ભૂંડો છે - આવી સમજ આપનાર, સુખનાં સાધનો જ મને પાપના માર્ગે લઈ જાય છે - આ વાસ્તવિકતાને દિમાગમાં ઉતારનાર પાઠશાળા છે.

જ્ઞાની ભગવંતોએ સ્થાપેલી આ પાઠશાળા ચારે ગતિમાં જીવોને સુરક્ષિત બનાવે છે. માનવોનેય... એમાંય સુખના આસમાને રહેલા ચક્રવર્તીઓને એનું લશ્કર ન બચાવી શકે... એનું અંતઃપુર ન બચાવી શકે... એના વફાદાર મંત્રીઓ વગેરે ન બચાવી શકે... ચૌદરત્નો કે નવનિધિઓ કે એના અધિષ્ઠાયક કે બોડીગાર્ડ તરીકે ગણાતા દેવોય સુરક્ષા ન આપી શકે... સમ્યગ્ વિચારણા સ્વરૂપ પાઠશાળા જ સંપૂર્ણ સુરક્ષિતતા આપી શકે. ચક્રવર્તી- સનત્કુમારને રોગની વેદના સમયે મોહનું ઝેર ન ચઢવા દેનાર, દુઃખમાં દીનતા ન આવવા દેનાર, વૈરાગ્યનું બળ પૂરું પાડનાર આ પાઠશાળા જ હતી. બીજી તરફ ભરત મહારાજા જેવા ચક્રવ્રતીને સુખના - મજાના ઘરમાં લીન ન બનવા દેનાર... વૈરાગ્યના ઉચ્ચ શિખરો પર આરોહણ કરાવી કેવળજ્ઞાન સુધી લઈ જનાર, શુભ ભાવોને જગાડનાર આ પાઠશાળા જ હતી.

આવી પાઠશાળામાં બેસનારો ન લેપાય, ન બંધાય.... ન દુઃખ કે દુર્ગતિનો ભોગ બને. અરે ! ખુદ તીર્થંકરભગવંતોનો વિચાર કરો તોય ઉપસર્ગો કે પરિષહોમાં દીન ન બનવા દેનાર આ પાઠશાળા જ હતી. દેવો - ઈન્દ્રોની ભક્તિમાં લીન ન બનવા દેનાર, પરિવારના પાશવી મોહથી અલિપ્ત રાખનાર, પાંચ ઈન્દ્રિયોના વિશિષ્ટ સુખમાંય મૂર્ચ્છાના ભાવ ન જાગવા દેનાર આ પાઠશાળા જ હતી.

દોરડા પર નટડીના મોહથી નાચનાર ઈલાચીકુમારને, રાગ-દ્વેષ કે મોહની અડફેટે ચઢાવી દેનાર રાજ્યપાટની સુંવાળી ગાદી પર સૂવા છતાં રાજ્યના સિંહાસન પર બિરાજેલા પૃથ્વીચન્દ્રને, લગ્નનાં બંધનોથી બાંધી દુર્ગતિમાં ધકેલી દેનાર પાણિગ્રહણની ક્રિયા કરનાર આઠ પત્નીઓ સહિત ગુણસાગરને, રૌદ્રધ્યાનની દાવાનળ જેવી આગમાં લઈ જનારી ભાલાની વેદનાનો ભોગ બનેલા અર્ણિકાપુત્ર આચાર્યભગવંતને.... કેવળજ્ઞાનની ભેટ ધરનાર બીજું કોઈ નહીં, સમ્યગ્જ્ઞાન - શાસ્ત્રનાં વચનોની વિચારણારૂપ પાઠશાળા જ હતી ! આ પાઠશાળામાં જે મળે તે આજના મિથ્યા શિક્ષણ - પાપશ્રુતના પાઠ ભણાવનાર સ્કૂલ - કોલેજોમાં ન મળે. એમાં તો ઊંધુ શિક્ષણ મળે છે.

શ્રીનંદીસૂત્ર નામના આગમમાં સ્ત્રીઓની ૬૪-કળા, પુરુષોની ૭૨ કળા વગેરેને પાપશ્રુત તરીકે વર્ણવી છે. પાપશ્રુતના પ્રભાવે જીવો પાપ કેમ કરવું...? પાપના માર્ગે સફળતા કઈ રીતે પ્રાપ્ત કરવી ? વગેરે જાણી - સમજી એ પ્રમાણે વર્તન કરી દુર્ગતિમાં ચાલ્યા જાય છે. જેનાથી પાપનું શિક્ષણ પ્રાપ્ત થતું હોય તેને સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્જ્ઞાનની પરબ સ્વરૂપ પાઠશાળા કેમ કહેવાય ?મિથ્યાત્વની વૃદ્ધિ કરાવનાર જ્ઞાનને જ્ઞાન જ ન કહેવાય. જે દુર્ગતિમાં લઈ જાય, દુર્ધ્યાનનો ભોગ બનાવે, દુઃખના દાવાનળમાં ધકેલી દે, ભવભ્રમણ વધારે... સુદેવ - સુગુરુથી અંતર વધારે... સદ્ધર્મની વાત ગળે ન ઊતરવા ન દે... આવું શિક્ષણ બિરદાવવા લાયક ન જ ગણાય.



રાગ-દ્વેષની પરિણિતિથી બચાવે, સંસારના પરિભ્રમણથી છોડાવે, દુર્ગતિ ગમનથી અટકાવે, ભૌતિકપદાર્થોનાં આકર્ષણને ઘટાડે, અધ્યાત્મના ભાવોમાં વૃદ્ધિ કરાવે, આત્મપરિણતિનું ઘડતર થાય, મોક્ષના માર્ગે પ્રગતિ કરાવે...એવા જ્ઞાનને પાઠશાળા કહેવાય. એ પાઠશાળાને ચોક્કસ બિરદાવાય. આ જ કારણે સુખ દુઃખ ઉભયને પચાવવાની કળા શીખવાની છે. આને 'ધર્મકળા' કહેવાય. દુનિયાની તમામ કળાઓથી ચઢિયાતી કળા આ છે. સર્વકળાઓને જીતનારી કળા ધર્મકળા છે. આવી સર્વોચ્ચ કળાના શિખરે પહોંચાડનાર માત્ર માનવજન્મ જ છે.

આ કળા - જ્ઞાન - વિજ્ઞાન પ્રાપ્ત કરનારને ; દુનિયાના પાપશ્રુત મેળવનારની જેમ સર્ટીફિકેટ નથી મળતું... પરંતુ એને દુનિયા ન ઓળખી શકે... ન દુનિયાને બતાવી શકાય... પરંતુ આત્મવિશ્વાસ પેદા કરાવે તેવું મુક્તિ કે સદ્ગતિનું સર્ટીફિકેટ જરૂર મળે છે. આવું પાઠશાળાનું શિક્ષણ મેળવી, સદ્ગતિ ને પરંપરાએ મુક્તિનું રિઝર્વેશન કરાવી સંસારને હંમેશ માટે અલવિદા કરીએ; એ જ મંગલકામના.

**-આ.વિ.ભવ્યદર્શનસૂરિ** ધ

## ★ સંસાર અમૃત જેવો કે ઝેર જેવો ★★★

**- પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**क्वचिद् वीणावाद्यं क्वचिदपि च हा हेति रुदितं,**

**क्वचिद्विद्वद्गोष्ठी क्वचिदपि सुरापानकलहः ।**

**क्वचिद् रम्या रामा क्वचिदपि गलत्कोष्ठवपुषो,**

**न जाने संसारः किममृतमयः किं विषमयः ? ।।**

સંસાર વિષમતાઓથી ભરેલો છે. તેને સમજવા માટે ઉપરના શ્લોકમાં નમુનારૂપે વિરોધાભાષી ત્રણેક વાતો જણાવી છે. અંતે પૂછ્યું છે કે - આ સંસાર અમૃત જેવો છે કે ઝેર જેવો ? આનો જવાબ પોતે ન આપતાં વાચક ઉપર છોડી દીધો છે.

સંસારમાં નજરે દેખાતી તમામ ચીજો પુદ્ગલમય છે. પુદ્ગલ ક્યારેક સુંદર - ભવ્ય - રૂપ-રંગવાળું, સોહામણું દેખાય છે. સમય જતાં તે જ પુદ્ગલ કદરૂપું - ભયાનક - દુર્ગંધવાળું કે બિહામણું દેખાવા લાગે છે. જીવના બદલાતાં રૂપો પુદ્ગલના આધારે જ જાણવા મળે છે. જીવ અત્યંત સોહામણો સચ્ચિદાનંદમય હોવા છતાં કર્મ-પુદ્ગલના યોગે અન્ય શુભાશુભ પુદ્ગલોનાં જોડાણથી સોહામણો - બિહામણો, ભવ્ય - ભયાનક, નવો - જૂનો, સુગંધી - દુર્ગંધી, સુંવાળો - ખરબચડો (કર્કશ), સુરૂપવાળો - કદરૂપો, ગમતો - અણગમતો, વખાણવા લાયક - વખોડવા લાયક થાય છે !

શુભાશુભ કર્મના ઉદયે તે તે જીવ શુભાશુભ ગતિ-જાતિ, શરીર-અંગોપાંગવાળો બને છે. રૂપ-રસ-ગંધ-સ્પર્શ પણ શુભાશુભ પ્રાપ્ત થાય છે. ક્યારેક શરીરાદિ સુંદર મળ્યા પછી અકસ્માતાદિના કારણે અથવા ઉંમર વધવાના કારણે એમાં પરિવર્તન આવે છે. એક જ ભવમાંય અનેક પરિવર્તનો જોવા મળે છે. પરંતુ આ પરિવર્તનો જોવા - અનુભવવા છતાં જીવને રાગ છૂટતો નથી. મોહનો પડછાયો બનીને રહેતો હોય તો વૈરાગ્ય ક્યાંથી આવે ? શ્રીજિનવચનોના વ્યવસ્થિત ઉપયોગ વગર મોહની ગુલામી ક્યાંથી છૂટે ? એ વચનોના સુયોગ્ય સ્વાધ્યાય વિના પુદ્ગલની વાસના ક્યાંથી તૂટે ? આત્માનું સ્મરણ ક્યાંથી થાય ? પુદ્ગલના જ સતત સ્મરણના યોગે આત્માનું વિસ્મરણ થયું છે. મતલબ, પોતાની જાતને જ પોતે ભૂલી ગયો છે. મોહરાજાનું આધિપત્ય પ્રસ્થાપિત થયેલું હોય ત્યાં આ જ સ્થિતિનું સર્જન થાય છે. જડ એવો મોહ; જીવને - અનંતશક્તિના માલિકને નચાવે છે !!

વૈરાગ્યવાસિત જીવો આવા મોહ ઉપર ઘડીકમાં વિજય હાંસલ કરી લે છે ! રાગાદિથી વાસિત જીવો ઉપર મોહરાજા યુગોના યુગો સુધી કે જરૂર પડે સંખ્ય - અસંખ્ય - અનંતકાળ સુધી મજેથી રાજ્ય કરે છે. પાવરફૂલ ગણાતો આત્મા ત્યાં પામર પુરવાર થાય છે. આત્મા બિચારો બની જાય છે. કેવી હાલત માલિકની ? કોણ ફાવી જાય છે ને કોણ ફસાઈ જાય છે ? સંસારમાં જ આ સ્થિતિ છે. સિદ્ધલોકમાં આવી હાલત નથી. સિદ્ધના જીવને શેતાન બનાવનાર કોણ ? માલિકને ગુલામ રાખનાર કોણ ? પરમાત્માને પામરત્વનું કલંક લગાવનાર કોણ ? સંસાર અને સંસારને લીલોછમ રાખનાર મોહ જ તો !

આત્માની કેવી બેવડી દશા ? એક જીવ બીજા જીવની આવી કફોડી - દયનીય પરિસ્થિતિ જોયા પછી પોતાના આત્મા માટે કાંઈ વિચારતો નથી. પોતાની જાતના ભૂતકાળ - ભવિષ્યકાળ તરફ ડોકિયું કરતો નથી. આવી જ કફોડી હાલતમાંથી અનંતીવાર પસાર થયો છું... હજી નહિ ચેતું તો ફરી અનંતીવાર મારા બેહાલ થશે... આવો વિચાર કેમ નથી આવતો ? હા, ક્યારેક 'અતિ' દુઃખદાયી અવસ્થામાં સ્મશાનતુલ્ય વૈરાગ્ય આવતો હશે... પણ એ તો પાણીમાં ઊઠેલા પરપોટા જેવો જ ને ? વિજળીના ઝબકારા જેવો જ ને ? એ વૈરાગ્યની આવરદા ખૂબ જ ટૂંકી હોય છે. ક્યારેક તો આટલું - આટલું જોવા - જાણ્યા કે અનુભવ્યા પછી પણ વૈરાગ્ય ઉજાગર નથી થતો ! થયેલા - આવેલા વૈરાગ્યને રાગ ટકવા નથી દેતો ! રાગ આવીને એવી સેવામાં લાગી જાય છે કે - અનાદિકાળના કુસંસ્કારોને જાગ્રત કરી વૈરાગ્યને પલાયન કરી દે છે ! રાગ તો અનાદિકાળથી છે. તેને ટકાવવા માટે મહેનતની કોઈ જરૂર નથી. વૈરાગ્યને લાવવા - ટકાવવા મહેનતની જરૂર પડે છે. રાગને દેશવટો આપવો કઠિન છે, સામે પક્ષે વૈરાગ્યને લાવવો - ટકાવવો ખૂબ જ જટિલ છે.

સમસ્યાઓને સમયે - સમયે ઊભી કરનારો (મોહ) ફાવી જાય છે.



સમસ્યાઓનો ગુણાકાર કરનારો લહેર કરે છે. અને સમસ્યાઓને સૉલ કરનારો જ અળખામણો લાગે છે. સમસ્યાઓનો કાયમી અંત લાવનાર વૈરાગ્ય - ધર્મનું જ લોકો ગળું દબાવે છે ! કેવી કરુણ હાલત છે ?

સંસારનો - મોહનો ગુલામ જેટલા સાથે જોડાય છે તેટલી સમસ્યાઓ ઊભી થાય છે. શરીરના કારણે (શરીરની સાથે જોડાવાથી) કેટલી સમસ્યાઓનું સર્જન થયું ? એક સ્ત્રી સાથે જોડાવાથી (લગ્ન કરવાથી) કેટલી સમસ્યાઓ જન્મ લે છે ? સમસ્યાઓ તો એવી હોય છે કે સમાધાન કરે તોય મુશ્કેલી ને સામનો કરે તોય આપત્તિ ! પરિવાર સાથે, જ્ઞાતિ સાથે, પાડોશીઓ સાથે, વેપાર સાથે, વેપારીઓ સાથે, મિત્રો સાથે, ગામ સાથે, દેશ સાથે, પૈસા સાથે, તે તે ઈન્દ્રિયોના વિષયો સાથે... જોડાવાથી રોજ કેટલી સમસ્યાઓ માથું ઊંચકે છે ? માથાનો દુઃખાવો ઊભો કરે છે ? શિરદર્દ સમી એ સમસ્યાઓનો અંત તો આવતો જ નથી. આપત્તિઓમાંથી છૂટકારો થતો જ નથી. સંપત્તિવાળો પણ સમસ્યાઓના ઢગલામાં જ દટાયેલો હોય છે.

ગરીબ હોય કે શ્રીમંત, રાજા હોય કે રંક, સજ્જન હોય કે દુર્જન, શહેરીજન હોય કે આદિવાસી (જંગલમાં રહેનારો) સ્વર્ગમાં હોય કે મર્ત્યલોકમાં, ડૉક્ટર હોય કે એન્જીનિયર, વેપારી હોય કે નોકરિયાત... સમસ્યાઓની જાળમાં કોણ ફસાયેલો નથી ? સાસુ હોય કે વહુ... બાપ હોય કે દીકરો... મિત્ર હોય કે શત્રુ... સ્વામી હોય કે સેવક... બધા જ જીવો સમસ્યાઓની આપૂર્તિમાં જ ગુંથાયેલ નજરે દેખાય છે. આ સમસ્યાઓ જીવોને શારીરિક - માનસિક બધી જ રીતે કોરી ખાય છે. રાત-દિવસ ચિંતાગ્રસ્ત બનાવી દે છે. તેના કારણે ઊંઘ પણ હરામ થઈ જાય છે. ખાવા-પીવા, પહેરવાની-ઓઢવાની કે ભોગવવાની અઢળક સામગ્રી વચ્ચેય સતત દુઃખમય સ્થિતિનો જ અનુભવ થયા કરતો હોય છે.

સંસારની કઈ સ્થિતિ તમને રોવડાવે છે ? કઈ સ્થિતિ તમને હસાવે છે ? વધારે સમય હસવામાં જાય છે કે રડવામાં ? સુખની અનુભૂતિ વધુ થાય છે કે દુઃખની ? શ્લોકના શબ્દોમાં કહીએ તો અમૃતમય સ્થિતિ અને ઝેરમય સ્થિતિમાં કોની માત્રા વધારે ? જ્ઞાની ભગવંતો તો એમ પૂછે કે - તમને સંસાર અમૃતમય લાગે છે ખરો ? કારણ, એક અનુકૂળતાની સામે સેંકડો પ્રતિકૂળતાઓ મોં ફાડીને કે ડોળા કાઢીને સામે ઉપસ્થિત હોય ત્યાં અમૃતની મીઠાશ ક્યાંથી અનુભવાય ?

ગમે તેટલું અમૃત હોય... માત્ર એમાં થોડું જ ઝેર પડી જાય તો શું થાય ? ઝેર અમૃતમય બને ખરું ? ના,... અમૃત ઝેર થઈ જાય. ઝેરમાં ભળેલું અમૃત કે અમૃતમાં ભળેલું ઝેર : બંને ઝેર રૂપે જ પરિણામ પામે. મતલબ, એ મારક જ બને. જીવાડનારું અમૃત પણ હળાહળ ઝેર બની જાય. ઊકરડામાં કે ગટરમાં ગમે તેટલા સુગંધી પદાર્થો કે ચૂર્ણો નાંખો. ઊકરડામાં કે ગટરમાં (દુર્ગંધમાં) કાંઈ જ ફરક ન ધ

પડે... હા, સુગંધી પદાર્થો કે ચૂર્ણો (સેન્ટ - અત્તર - ફરમ્યુમ) દુર્ગંધી થઈ જાય. આમાં ગુમાવવાનું કોને છે ? છાપ કોની બગડે ? દુર્જનની સાથે સજ્જન જાય - બેસે - મૈત્રી બાંધે તો ગુમાવવાનું સજ્જનને જ હોય છે. સજ્જનની જ છાપ ખરડાય છે.

હવે શ્લોકના ત્રણ પાદમાં કહેલી વાતના આધારે જ વિચારણા કરીએ. તમે સંસારમાં નજર નાખો... ક્યાંક - ક્યારેક વીણાના (સંગીતના) કર્ણપ્રિય સ્વરો તમારા કાનને (સાથે મનને) આનંદ આપનારા સાંભળવા મળશે. તો ક્યાંક - ક્યારેક ઓ મા રે મરી ગયો... બાપ રે બચાવો... હાય... ઊહ્... વગેરે વેદનાને વ્યક્ત કરતા શબ્દો તમારા કાનને અથડાતા હશે ; જેનાથી તમારું હૃદય દ્રવી ઊઠશે. એ કરુણ - ચિત્કારીઓ તમારા શરીરને કંપાવી દેશે. તેની પીડા-વેદના તમારામાં જાણે સંક્રાંત થતી હોય એવી અનુભૂતિ થશે.

સંગીતની મહેફીલ ચાલતી હોય... નૃત્યાંગના પોતાનાં અંગમરોડથી બધાનાં દિલને જીતવાની કોશિશ કરતી હોય... વાતાવરણ આનંદ - આનંદમય બનેલું હોય, પ્રેક્ષકોનાં મુખમાંથી વાહ ! વાહ! ના શબ્દો વરસતા હોય.... આગળ વધીને નોટોનો વરસાદ તો હોય... એટલામાં જ નૃત્યાંગના અથવા ગાયકને કાંઈક થાય... શરીરની પીડા કે તેવા રોગના કારણે તે ઢળી પડે... તો વાતાવરણ કેવું બની જાય ? ઓરગન...વીણા... ઢોલ - નગારાંના... વાજિંત્રોના મધુર નાદોનો આનંદ ક્ષણવારમાં કેવા શોકમાં પરિણમે? વાતાવરણમાં કે પ્રેક્ષકોમાં કેવી ગમગીની વ્યાપી જાય ? આવા સંસારને અમૃતમય ગણવો કે વિષમય ?

ક્યાંક વિદ્વાનોની વાર્તા ચાલતી હોય... વાર્તાવિનોદની મજામાં શ્રોતાઓ ખોવાયેલા હોય... તો ક્યાંક દારૂડિયાના ઝઘડા ચાલતા જોવા મળે... ભૌતિક પદાર્થો માટેના કે જર - જમીન ને જોરુને નિમિત્ત બનાવી બે વ્યક્તિ વચ્ચે કે બે સમૂહ વચ્ચે લડાઈ ચાલતી હોય... અથવા બે દેશો - રાજ્યો વચ્ચે લડાઈ ફાટી નીકળી હોય... ત્યારે વિચારો કે સંસાર કેવો ?

વાર્તા વિનોદમાં કોને આનંદ ન આવે ? વાર્તા વિનોદમાં જીભને અને કાનને : બંનેને આનંદ મળે છે. એના કારણે મન પણ ખુશ હોય છે. આવા સમયે ક્યારેક એવું પણ બને કે - હસવામાંથી ખસવું થઈ જાય... મશ્કરીમાંથી ઝઘડો થઈ જાય...

આકાશમાંથી વરસાદ વરસતો હોય... વાતાવરણ ખુશનુમા ભર્યું હોય... ક્ષણવારમાં વાદળાં પવનથી ખેંચાઈ જાય... ઉઘાડ નીકળે ને તાપ પડવા માંડે... ગરમી ઓકતો સૂરજ પોતાનાં કિરણોથી ધરતીને અને માનવોને દઝાડવા લાગે, તેમ... આનંદના મહાસાગરમાં મહાલતા લોકોમાં એવું પરિવર્તન આવે કે આનંદ ગાયબ થઈ જાય... કલહ - કંકાસનાં મંડાણ થઈ જાય... કદાચ મારા-મારી ચાલું થઈ જાય... પોલિસ બોલાવાય... કેટલાકને કેદી બનાવી દેવાય... આવા સમયે સંસાર કેવો લાગે ? અમૃતમય કે વિષમય ?



સંસારમાં અમૃત છે જ નહિ... જ્યાં જુઓ ત્યાં વિષ જ છે. ઝેર જ ઘોળાય છે. વિષયો - કષાયો કે સંજ્ઞાઓમાં સુખ નથી. કારણ, એની પાછળ દુઃખનાં મંડાણ નક્કી જ છે. એ ભૌતિક આનંદનો ભોગવટો જ એવાં કર્મો બંધાવે છે કે જેના કારણે જીવો ઝેર ખરીદે છે. હા, કેટલાંક ઝેર પણ સ્વાદિષ્ટ હોય છે. જેમ કે - કિંપાકવૃક્ષનાં ફળો રૂપમાં - રંગમાં - સ્વાદમાં મોહક હોય છે. પરંતુ ખાનારને મોતની ભેટ ધરી દે છે ! એવી જ રીતે આ પાંચ ઈન્દ્રિય વગેરેનાં ભૌતિક સુખો (?) સ્વાદમાં કે રૂપ - રંગમાં મોહક - મીઠાં હોવા છતાં ઝેરી છે - તે ભૂલવા જેવું નથી. જીવવાની ઈચ્છાવાળો ઝેર ખાય ? ખાય તે મૂર્ખ જ ગણાય.

એક શ્લોકમાં શાસ્ત્રકાર ભગવંત જણાવે છે : તમામ સંપત્તિઓ - સુખનાં ગણાતાં સાધનો, અનુકૂળતાઓ જીવોને વિપત્તિઓનાં નિમિત્તરૂપ છે. સંસારની એક પણ ચીજ-વસ્તુ એવી નથી કે જે જીવને દુઃખ માટે ન થતી હોય. સુખનાં સાધનભૂત ગણાતો પૈસો હોય, પુત્ર હોય, ખાવા-પીવાની સામગ્રી હોય... પહેરવા - ઓઢવાની ચીજ હોય, હરવા - ફરવામાં આનંદ આપનારી ગણાતી ગાડી - વિમાન - ટ્રેન - સ્કૂટર વગેરે સામગ્રી હોય, કાનને સુખ ઉપજાવનારી સંગીતની મહેફીલ હોય... સુંવાળી મખમલની સેજ - તળાઈઓ હોય, જોવાલાયક પ્રાણિસંગ્રહાલય, મ્યુઝિયમ હોય, હવા ખાવાનાં હીલસ્ટેશનો હોય, સુગંધ ફેલાવતા બગીચા હોય... તમામ સાધનો - પદાર્થો - ચીજો દુઃખ માટે પણ થાય છે. અંતે તો બધું જ દુઃખદાયી હોય છે, થાય છે. સુખની પાછળ દુઃખ ડોકાતું જ હોય છે !

સુખની મજા માણતાં પહેલાં જ એ દુઃખને જે જુએ છે... એવા સુખથી દૂર રહે છે... તે જ સાચો જ્ઞાની અને તે જ સાચો વિરાગી છે. બાકી જગત તો અજ્ઞાની હોવાના કારણે એક સુખની પાછળ આવતી દુઃખની લાંબી હારમાળાને ન જુએ કે ન જોઈ શકે... તે બનવા જોગ છે. જ્ઞાની હોવાનું અભિમાન રાખનારા દુઃખની હારમાળાને ન જોઈ શકે ત્યારે વિશેષ કરુણા ઊપજે છે. દયા ઉત્પન્ન થાય છે. નાનું નાદાન ગણાતું બાળક પથારીમાં પેશાબ કરે તો ક્ષન્તવ્ય ગણાય... પરંતુ સમજુ - પરિપક્વ ઉંમરની વ્યક્તિ પથારીમાં પેશાબ કરે તો તેને કોણ માફ કરે ?

વાર્તાવિનોદની મજા માણતાં જે સંસાર અમૃતમય લાગતો હતો... તે જ સંસાર તમને રુદન કરાવે.. શોકાતુર બનાવે.. ત્યારે કેવો લાગે ? વિષમય જ ને ? પરંતુ એની વિષમયતા તમારા માનસમાં ટકે કેટલી ? થોડી મજા, થોડીક અનુકૂળતા મળતાં જ ફરી એ જ વિષમય સંસાર અમૃત કરતાં મીઠો લાગવા માંડે છે ! જ્યારે તમને સંસાર, સંસારનાં પાંચ ઈન્દ્રિયનાં વિષયસુખો... અમૃત જેવાં લાગે ત્યારે જ એની પાછળ આવનારી ઝેરી અવસ્થાનો વિચાર કરો... દુઃખમયી સ્થિતિનો વિચાર કરો... તેનાથી કમ સે કમ દુઃખની અવસ્થામાં જ્ઞાનીનાં વચનોનું આલંબન લઈ સમાધિ તો જાળવી શકશો. દુઃખને દૂર કરવાની ક્ષમતા આપણામાં હોય કે ન હોય,

અસમાધિને દૂર કરી સમાધિમાં ઝીલવાની ક્ષમતા આપણામાં છે. એ બાજી આપણા હાથમાં છે. જે આપણા હાથમાં છે, તેનો લાભ કેમ ન ઉઠાવવો ? એ ક્ષણોને કેમ સફળ ન બનાવવી ?

ચક્રવર્તી જેવો મહાસમ્રાટ કે જેને ભૌતિક સુખનાં સર્વોચ્ચ સાધનો હાથમાં આવ્યાં છે. પુણ્યોદય પણ કેવો અદ્વિતીય છે ? અનુકૂળતાની કોઈ સીમા નથી. જે એક માનવની સેવામાં હજારો દેવો ગોઠવાયેલા છે. દુનિયાનો કોઈ જ માનવ તેની હોડ કરી શકે એમ નથી. હજારો યુદ્ધોમાં ક્યાંય પરાજયનો સામનો જેને કરવો પડતો નથી. દેવો પણ ભેટણું લઈ, સામે આવી જેનો સ્વામી તરીકે સ્વીકાર કરે છે. અન્ય કોઈ પણ રાજા - મહારાજાને ન પ્રાપ્ત થાય તેવાં ચૌદરત્નો ને નવ નિધિ સામે ચાલીને આવી મળે છે !... આવા ઐશ્વર્યથી યુક્ત ચક્રવર્તીને જ્યારે એવાં નિમિત્તો મળે છે... સદ્ગુર્વાદિનાં કે શાસ્ત્રનાં વચનો સાંભળવા મળે છે... શ્રીતીર્થંકરભગવંતની દેશનાનું પાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે... ત્યારે અમૃતમય લાગતો સંસાર ઘડી - બે ઘડીમાં વિષમય ભાસે છે ! મિથ્યામાન્યતામાંથી જીવ બહાર આવે છે કે - અસાર, દુઃખદાયી, પાપમય, સ્વાર્થમય સંસારને અલવિદા કરી એ મહાસમ્રાટ અમૃતમય ચારિત્રધર્મના શરણે ચાલ્યો જાય છે !

સંસારને અમૃતમય માનનાર જીવની શાન ઠેકાણે લાવવા જ્ઞાની ભગવંત શ્લોકના ત્રીજા પાદમાં જણાવે છે કે- ક્યારેક સુંદર રૂપ-લાવણ્ય અને યૌવનવયવાળી પત્ની - સ્ત્રી મળે તો ક્યારેક ગળતા કોઢરોગથી વ્યાપ્ત કાયા જોવા મળે... રૂપવતી અંગના મળે ત્યારે વિષમય સંસાર ભુલાઈ જાય છે ને જ્યારે કોઢરોગવાળી સ્ત્રી મળે ત્યારે અમૃતમય સંસારની ભૂલ ભરી માન્યતાનો પર્દાફાસ થઈ જાય છે.

જ્યારે જ્યારે ઈન્દ્રિયોને, મનને, તનને અનુકૂળતા મળે ત્યારે સંસાર અમૃતમય લાગવા માંડે છે. બીજી તરફ ઈન્દ્રિયાદિને પ્રતિકૂળતાનો સામનો કરવો પડે ત્યારે ત્યારે એ જ સંસાર વિષમય પણ લાગે છે... પરંતુ અનુકૂળતાની આશાઓ - અપેક્ષાઓ જીવને અમૃતમય સંસાર તરફ આકર્ષે છે. આકર્ષણ - અપાકર્ષણના દ્વંદ્વ વચ્ચે જીવ અટવાયા કરે છે. મોહનો સેવક બનેલો જીવ તત્ત્વની વિચારણા કરી શકતો નથી.વાચકોને આવા સમયે જ્ઞાનીનાં વચનો આલંબન પુરવાર થાય એ માટે આટલી વિચારણા કરી... વિચારવાની દિશા બતાવી....બાકી તમારે સ્વયં ચિંતન કરી નિર્ણય કરવાનો છે.

ધ

## ★ વાંચનમાંથી વીણેલું ★★★

**મીઠાઈનો કાળ :**

**वासासु पनरस दिणं, सीउण्हकालेषु मास - वीसदिणा ।**
**ओगाहिमं जईण कप्पई, आरंभ पढम दिणं ।।**



વર્ષાકાળમાં ૧૫ દિવસ, શિયાળામાં એક મહિનો, ઉનાળામાં ૨૦ દિવસ મુનિઓને (અને શ્રાવકોને); બનાવ્યાના પ્રથમ દિવસથી આરંભીને અવગાહિમ (મીઠાઈ) કલ્પે. (એ પહેલાં જો વર્ણ- ગંધ - રસ - સ્પર્શ બદલાઈ જાય તો અભક્ષ્ય ગણવી.)

**લોટ (આટા) ની સ્થિતિ**

**पण दिण मिस्सो लुट्टो, अचालिओ सावणे य भद्दवणे ।**
**चउ आसो अ कत्तिय - मगसरणे समिति दिणा ।।**
**पण पहुर माह-फग्गुण, पहुरा चत्तारि चित्त - वइसाहे ।**
**जिट्ठाऽऽसाढे तिण्णिय, तेण परं होइ अचित्तो ।।**

ચાળ્યા વગરનો લોટ ; શ્રાવણ - ભાદરવામાં પાંચ દિવસ મિશ્ર રહે.આસો - મહિનામાં ચાર દિવસ, કાર્તક - માગસર મહિનામાં પાંચ દિવસ, મહા - ફાગણ મહિનામાં પાંચ પ્રહર, ચૈત્ર - વૈશાખમાં પાંચ પ્રહર, જેઠ - અષાઢ મહિનામાં ત્રણ પ્રહર મિશ્ર રહે... ત્યારબાદ અચિત્ત થાય.

**મીઠા (લૂણ) નો કાળ :**

**वासासु सग दिणोवरिं, पनरस दिणोवरिं च हेमंते ।**
**जायइ सचित्तयं पुण, गिम्हे मासोवरिं लोणं ।।**

વર્ષાઋતુમાં સાત દિવસ પછી, હેમંત ઋતુ (શિયાળા)માં ૧૫ દિવસ પછી, ઉનાળામાં એક મહિના પછી મીઠું સચિત્ત થઈ જાય છે. (લોઢી પર શેકેલા મીઠા માટે આ વાત લાગે છે.)

**એકના બદલામાં બીજી વસ્તુમાં ગુણ :**

**लंघने ये गुणाः प्रोक्ता - स्ते गुणा लघुभोजने ।**
**निद्रायां ये गुणाः प्रोक्ता - स्ते गुणा नेत्रमीलने ।।**
**निर्वाते ये गुणाः प्रोक्ता - स्ते गुणाः कर्णमीलने ।**
**ब्रह्मचर्ये गुणा ये स्युः, गुणास्ते कामवर्जने ।।**

લંઘન (ભૂખ્યા રહેવા)માં જે ગુણો છે તે હલકા ભોજનમાં છે. ઊંઘવામાં જે ગુણો જણાવ્યા છે તે ગુણો આંખ બંધ કરીને રહેવામાં છે. વાયુવગરની જગ્યામાં રહેવામાં જે ગુણો ગણાવ્યા છે તે ગુણો કાન ઢાંકી રાખવામાં - કાનમાં રૂ વગેરે નાખવામાં છે. જે ગુણો બ્રહ્મચર્ય પાળવામાં છે તે ગુણો કામ-ભોગથી દૂર રહેવામાં છે.

**વેગ રોકવાનું ફળ :**

**मूत्ररोधाद् भवेदंधो, बधिरो वायुरोधनात् ।**

**कुष्टी स्याच्छुक्रसंरोधान् - मृत्युः संधारणादपि ।।**

મૂત્ર (પેશાબ) રોકી રાખવાથી આંખે અંધાપો આવી શકે છે. વાયુ (ઊર્ધ્વ - અધોવાયુ) રોકવાથી બહેરાશ આવી શકે છે. શુક્ર રોકવાથી કોઢરોગની સંભાવના થાય છે. મળ રોકવાથી મૃત્યુની નોબત આવી શકે છે.

**પાણી પીવાથી લાભ - નુકશાન :**

**अजीर्णे भेषजं वारि, जीर्णे वारि बलप्रदम् ।**

**अमृतं भोजने वारि, भुक्तस्योपरि तद् विषम् ।।**

જ્યારે જૂનો ખોરાક ન પાચન થયો હોય ત્યારે (અજીર્ણમાં) ખોરાક ન લેતાં પાણી લે તો ઔષધરૂપે પરિણમે છે. ભોજન પચી ગયા પછી પાણી લેવાથી શરીરના બળમાં વૃદ્ધિ થાય છે. ભોજનની વચ્ચે પાણી પીવાથી અમૃત બને છે. જ્યારે ભોજન ઉપર પાણી પીવાથી ઝેર જેવું પરિણામ મળે છે.

**શાસ્ત્ર, શાસ્ત્રજ્ઞાન :**

**पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबंधनम् ।**

**चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ।।**

**यथैधांसि समिद्धोऽग्नि - र्भस्मसात्कुरुतेऽर्जुन !।**

**ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात्कुरुते तथा ।।**

**यावदक्षरसंख्यानं, विद्यते शास्त्रसंचये ।**

**तावद्वर्षसहस्राणि, स्वर्गे विद्याप्रदो भवेत् ।।**

પાપરૂપી રોગનું ઔષધ છે : શાસ્ત્ર, પુણ્યોપાર્જનનું કારણ છે : શાસ્ત્ર, સર્વત્ર રહેલા પદાર્થોનો બોધ કરાવનાર છે : શાસ્ત્ર, સર્વપ્રયોજનોનું સાધન છે : શાસ્ત્ર.

કૃષ્ણ કહે છે : હે અર્જુન ! જે રીતે પ્રજ્વલિત અગ્નિ લાકડાંને ભસ્મીભૂત કરી નાખે છે તે જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સર્વકર્મોને બાળી નાખે છે.

શાસ્ત્રસમૂહમાં જેટલા અક્ષરોની સંખ્યા છે તેટલા હજાર વર્ષ સુધી વિદ્યા (જ્ઞાનં) પ્રદાન કરનાર આત્મા સ્વર્ગમાં વાસ કરે છે !

**- વસ્તુપાળ ચરિત્ર, ચતુર્થ પ્રસ્તાવ**

**विद्यादम्भो क्षणस्थायी, क्रियादम्भो दिनत्रयम् ।**

**धनदम्भो मासमेकं तु, स्त्रीदम्भोऽयं त्रिवार्षिकः ।।**

જ્ઞાનનો દંભ ક્ષણવાર ટકે છે. ક્રિયાનો દંભ ત્રણ દિવસ ટકે છે. ધન હોવાનો



દંભ એક મહિનામાં ઉઘાડો પડે છે. સ્ત્રીનો દંભ ત્રણ વર્ષથી વધારે ટકતો નથી.

**न मृत्तिका नैव जलं, नाऽप्यग्निः कर्मशोधनम् ।**

**शोधयन्ति बुधाः कर्म, ज्ञान-ध्यान-तपोजलैः ।।**

જીવોનાં કર્મની શુદ્ધિ માટીથી, પાણીથી, અગ્નિથી થતી નથી. તેથી પંડિતજનો પોતાનાં કર્મોની શુદ્ધિ ; જ્ઞાન - ધ્યાન - તપના જળ દ્વારા કરે છે. (નદી -નાળામાં રહેલાં પાણીથી કર્મની શુદ્ધિ ન થાય પરંતુ સમ્યગ્જ્ઞાન - વિશિષ્ટ ધ્યાન અને બાહ્ય - અભ્યંતર તપરૂપી પાણીથી થાય છે.)

**आत्मानदी संयमतोयपूर्णा, सत्यावहा शीलतरा दयोर्मिभिः ।**

**तत्राभिषेकं कुरु पाण्डुपुत्र !, न वारिणा शुद्धयति चान्तरात्मा ।।**

સંયમરૂપી પાણીથી ભરેલી, સત્યના પ્રવાહવાળી, શીયલના કિનારાવાળી, દયારૂપી મોજાંવાળી આત્મારૂપી નદીમાં હે અર્જુન ! તું સ્નાન કર. એનાથી અંતરાત્માની શુદ્ધિ થશે, માત્ર પાણીમાં ડૂબકી મારવાથી નહિ.

**खंडणी-पेषणी-चुल्ली, उदकुंभी - प्रमार्जनी ।**

**पंचशूना गृहस्थस्य, तेन स्वर्गं न गच्छति ।।**

ખાંડણી - ઘંટી - ચૂલો - પાણીનું માટલું (પાણિયારું) - સાવરણી : આ પાંચ ગૃહસ્થોના ચંડાળો છે. (આ પાંચને શાસ્ત્રમાં કતલખાનાં પણ કહ્યાં છે.) તેથી, ગૃહસ્થ સ્વર્ગમાં જતો નથી. મતલબ, દુર્ગતિમાં જાય છે. ધર્મ જ એમાંથી બચાવી શકે.

**અધમ જીવો :**

**अंतर्दुष्टधियः पापाः, कृपामुक्ता गतत्रपाः।**

**सततं कोपनाः केऽपि, व्रतलोपेऽप्यभीरवः ।।**

**गर्ताशूकरवन्नित्यं, निःशूकाः कामलालसाः ।**

**सकषाया मृषावाद - विदुराः सदुरोदराः ।।**

**व्यसंकाव्यसनव्यास -रसिका विकथा-रसाः ।**

**विरसाः शुद्धधर्मेषु, निर्गुणाः स्वार्थवल्लभाः ।।**

**लुब्धाः क्षुब्धाः शठाः कुण्ठाः, परोपकृतिकर्मसु ।**

**दुराचाराश्चटुवचः, प्रपंचपटवः स्त्रियाम् ।।**

**इत्याद्यशेषदुर्दोष - दुर्दशादूषितात्मनाम् ।**

**अधमाधमशीलाना - मपि नो संगतिः शुभा ।।** - જયાનંદચરિત્ર

અંતઃકરણમાં દુષ્ટબુદ્ધિને ધારણ કરનારા, દયા - કરુણા વગરના, શરમ - મર્યાદા વગરના, નિરંતર ક્રોધથી ધમધમતા, ગંદકીના ખાડામાં પડ્યા રહેનારા ભૂંડની જેમ નિઃશૂકપણે વિષય સેવન કરનારા, ક્રોધ-મન-માયા-લોભરૂપ કષાયોથી યુક્ત, મૃષાવાદ (જૂઠ) બોલવામાં હોંશિયાર, જુગારાદિ વ્યવસનવાળા, વિશ્વાસઘાત કરી બીજાને ઠગનારા, વ્યસનાસક્ત, વિકથાના રસવાળા, શુદ્ધધર્મમાં રસ વગરના, ગુણરહિત, સ્વાર્થપ્રિય; પાંચ ઈન્દ્રિયાદિમાં આસક્ત, ક્ષુબ્ધ, ઠગ, પરોપકાર કરવામાં બુઠ્ઠા, દુરાચારી, બોલવામાં મીઠા, પ્રપંચ - માયાજાળ પાથરી સ્ત્રીઓને વશ કરનારા... આવા સમગ્ર દુર્ગુણો અને દોષોથી દૂષિત થયેલા અધમાધમ આચરણવાળા જીવોની સોબત સારી નથી.

**દાન :**

**अन्नदातुरधस्तीर्थकरोऽपि कुरुते करम् ।**

**तच्च दानं च सत्पात्रे, दत्तं बहुफलं भवेत् ।।**

તીર્થંકરભગવંત પણ અન્નદાતાના નીચે હાથ ધારણ કરે છે. તેથી સત્પાત્ર - સુપાત્રમાં આપેલું દાન ઘણાં ફળવાળું બને છે. મતલબ, મહાન લાભ - પુણ્ય માટે થાય છે.

**પર્વતિથિએ વિશેષ ધર્માનુષ્ઠાન :**

**भयवं ! बीयपमुहासु पंचसु (बारससु) तिहीसु अणुट्ठाणकयं किं फलं होइ? गोयमा ! बहुफलं होइ, जओ णं जीवेणं यासु तिहीसु परभवाउयं बंधई, तम्हा समणे वा समणी वा सावए वा सावियाओ वा विसेसओ धम्माणुट्ठाणं कायव्वं।** - શ્રી મહાનિશીથસૂત્ર

હે ભગવાન ! બીજ વગેરે પાંચ (બાર) તિથિઓમાં ધર્માનુષ્ઠાન કરવાથી શું ફળ મળે ? શું લાભ થાય ?

જવાબમાં ભગવાન શ્રીમહાવીરદેવ ફરમાવે છે : હે ગૌતમ ! ઘણું ફળ મળે છે. કારણ કે, જીવો પરલોકનું (નવા-આગામી જન્મનું) આયુષ્ય આ તિથિઓમાં બાંધે છે. તેથી સાધુ - સાધ્વી ; શ્રાવક - શ્રાવિકાએ આ પર્વ તિથિઓમાં વિશેષ ધર્મપ્રવૃત્તિ કરવી જોઈએ. (પાપપ્રવૃત્તિ ઘટાડવા પૂર્વક સામાયિક - સ્વાધ્યાય - તપાદિ કરવાં જોઈએ.)

**પાંચ ગકાર દુર્લભ :**

**गीर्वाणदर्शनं गर्ववर्जनं, गेयमर्हताम् ।**

**गुरुर्गुणानुरागश्च, गकाराः पंच दुर्लभाः ।।**



૧. દેવોનું સાક્ષાત્ દર્શન, ૨. ગર્વનો ત્યાગ (નિરભિમાનતા), ૩. અરિહંતપ્રભુનાં ગુણગાન, ૪. સન્માર્ગ બતાવનાર ગુરુભગવંતનો ભેટો અને ૫. ગુણનો અનુરાગ : આ પાંચ ગકાર દુર્લભ છે.

**અતિથિ :**

**तिथि-पर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।**

**अतिथिस्तं विजानीया - च्छेषमभ्यागतं विदुः ।।**

**हिरण्ये वा सुवर्णे वा, धनधान्ये तथैव च ।**

**अतिथिस्तं विजानीया - द्यस्मिन् लोभो न विद्यते ।।**

જે મુનિવરોએ તિથિ-પર્વો-ઉત્સવોનો ત્યાગ કર્યો હોય તેમને અતિથિ જાણવા. બાકીના અભ્યાગત (મહેમાન) જાણવા.

નહિ ઘડેલું સુવર્ણ, ઘડેલું સુવર્ણ (અથવા રૂપું અને સોનું) ધન અને ધાન્ય વગેરે ચીજો ઉપર જેમને લોભ ન હોય તે અતિથિ જાણવા. (ક્રમશઃ)

## ★ આ અંકની લઘુકથા ★★★

શ્રીગણધરભગવંતોના માધ્યમથી ત્રિપદીના વિસ્તારરૂપ રચાયેલી દ્વાદશાંગીમાં છઠ્ઠા જ્ઞાતાધર્મકથાંગ નામના અંગ (આગમ) શાસ્ત્રમાંય કરોડોની સંખ્યામાં (સાડા ત્રણ કરોડ) કથાઓ હતી. મતલબ, જૈન શાસનમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગની જેમ કથાનુયોગ પણ વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ચારે અનુયોગ કદાવર છે. બાકીના ત્રણ અનુયોગમાં દરેક જીવોને રસ પડે કે ન પડે... પરંતુ કથાનુયોગમાં તો આબાલ - વૃદ્ધ સૌને રસ પડે. જ્ઞાની - અજ્ઞાની, ડાહ્યો કે મૂર્ખ, બાળક કે વૃદ્ધ, કિશોર કે યુવાન.... સહુ કોઈને કથાનુયોગ તો કેરીના રસ જેવો કે સાકર જેવો મીઠો અને આકર્ષક લાગે છે. માટે જ કેટલાક જીવોને કથાના માધ્યમથી તત્ત્વ પીરસવાનું કાર્ય જ્ઞાની ભગંવતોએ કર્યું છે. તત્ત્વ જટીલ હોય છે. શીરાની જેમ ગળૂ સહેલાઈથી ઊતરતું નથી. કડવી દવાને પણ સુગરકોટેડ બનાવીને આપવામાં આવે તો તાવ વગેરેની બીમારીવાળો સહેલાઈથ લઈ લે છે. તે જ રીતે તત્ત્વની ગણિતની કે ચારિત્રની કડવી લાગતી વાતો પણ કથારૂપ તમામ જીવો હોંશે હોંશે સ્વીકારે છે. કથા તો શારીરિક - માનસિક થાકને પણ દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે. પાપનો રસ દૂર કરી ધર્મનો રસ પેદા કરી દે છે. રાગીને વિરાગી બનાવી દે છે. પામરને સાત્વિક બનાવી દે છે. ચાલો, એ કથાના માધ્યમથી તત્ત્વબોધ પ્રાપ્ત કરીએ.

**પુણ્યશ્રીની બુદ્ધિથી ગોવિંદ પતિ સુખી થયો.**

માલવાની સુપ્રસિદ્ધ ધારા નગરીમાં રાજા ભોજનું શાસન ચાલતું હતું. ભોજરાજા ગમે તેટલો પ્રજાવત્સલ હોય, ઉદાર હોય, ભાંગ્યાનો ભેરુ હોય... પરંતુ સામી વ્યક્તિનું પુણ્ય પણ અનૂકુળ હોવું જોઈએ. તો જ સફળતા મળે. આવી ધારાનગરીમાં સેંકડો પંડિતો - વિદ્વાનો હતા. હજારો ધનવાનો હતા. ઘણા બુદ્ધિચાતુર્યથી યુક્ત પણ હતા. ગમે તે હોય... દરેક જીવોમાં બધા જ ગુણો ન હોય. આવી પ્રસિદ્ધ નગરીમાંય મૂર્ખ શિરોમણિ ગોવિંદ નામનો બ્રાહ્મણ રહેતો હતો. ગામ હોય ત્યાં ઊકરડોય હોય ને !

ગોવિંદ વિપ્ર વ્યાપાર વગર દિવસો પસાર કરે છે. દુનિયામાં સજોડાની જેમ કજોડા પણ જોવા મળે છે. મૂર્ખ શિરોમણિ આ ગોવિંદને ભાગ્યયોગે બુદ્ધિશાળી પુણ્યશ્રી નામની પત્ની પ્રાપ્ત થઈ હતી. પુણ્યશ્રીએ એક દિવસ પતિને કહ્યું : હે નાથ ! વ્યાપાર કર્યા વિના, ધન કમાવ્યા વગર આપણા ઘરનો નિર્વાહ કઈ રીતે થશે ? આપણા કુળને ઉચિત રાજસેવા અને ભિક્ષા માગવાનો ધંધો કરીને પૈસા કમાઓ. [શ્રાદ્ધવિધિમાં આજીવિકાના સાત પ્રકાર બતાવ્યા છે. તેમાં છેલ્લો પ્રકાર ભિક્ષા (ભીખ - દક્ષિણા) છે.] બંને વ્યવસાય આપણા બ્રાહ્મણકુળને યોગ્ય છે.

જવાબમાં ગોવિંદે પત્નીને જણાવ્યું કે : હે પ્રિયે ! (પતિ મૂર્ખ હોવા છતાં, પત્ની બુદ્ધિશાળી હોવા છતાં ભાષામાં કેવો વિવેક છે ? શબ્દોમાં કેવી શાલીનતા છે ? વ્યવહારશુદ્ધિ કેવી છે ?) હું તો નિરક્ષર છું. મને સારી રીતે વાત કરતાં ન આવડે. કોઈપણ કાર્ય કરતાં ન આવડે. કોઈ કહે તે જલદી સમજી ન શકું. કોઈપણ પ્રકારની આવડત મારામાં નથી. કઈ રીતે રાજસેવા કરી શકું ? જ્યાં જાઉં ત્યાં મૂર્ખ કહીને ધક્કે ચઢાવશે. મારું અપમાન થશે. શા માટે મારા ઉપર આવું દબાણ કરે છે ?

ત્યારે સમજુ - શાણી અને બુદ્ધિશાળી પત્ની - પુણ્યશ્રીએ કહ્યું : હે સ્વામિન્! સાંભળો. હું કહું તે રીતે રાજસેવા માટે પહોંચો. અહીંથી તમે નીકળશો એટલે રાજદરબારમાં પ્રવેશ કરતાં દ્વારપાળ (વૉચમેન) તમને રોકશે. ત્યારે તે પ્રતિહારીને તમારે કહેવાનું : હું રાજાનો માસિયાઈ ભાઈ છું. રાજાને મળવા માટે આવ્યો છું. આ સાંભળી તે દ્વારપાળ રાજાને આ વાતનું નિવેદન કરશે. રાજાની અનુમતિ મળતાં તમને અંદર પ્રવેશ મળશે. તમારા પ્રવેશ બાદ રાજા તમને જોઈને પૂછશે : હે બંધો ! મારી માસી ક્યાં છે ?

જવાબમાં તમારે કહેવું કે હે રાજન્ ! માસી તો તારા માત્ર દર્શનથી જ બળીને ભસ્મ થઈ ગઈ. આ સાંભળી રાજા ફરી તમારી સામે જોશે. તે સમયે તમારે હાથના આકારથી વિકસ્વર થયેલું (ખીલેલું) કમળ બતાવવું. કમળના કોષ (ડોડા)ની આકૃતિ બતાવવી. ત્યારબાદ એક આંગળી દર્શાવવી. તે પછી



પાંચ આંગળી દર્શાવવી. આવું ભણાવી - શીખવાડી પુણ્યશ્રીએ ગોવિંદને રાજસેવાર્થે રાજદરબારમાં મોકલ્યો.

પુણ્યશ્રીએ કહેલી તમામ વાતો બરાબર સમજી, યાદ રાખી ગયો રાજદરબારમાં... પત્નીના કહ્યા પ્રમાણે જ કરવાથી રાજાએ એક લાખ સુવર્ણ ગોવિંદને આપ્યું ! પહેલી જ મુલાકાતમાં અજાણી વ્યકિતને રાજા એક લાખ સુવર્ણ આપી દે તો સ્વાભાવિક છે કે - વર્ષોથી રાજદરબારમાં કાર્ય કરતાં અનેક પંડિતોની ઈર્ષ્યાનો ભોગ આ ગોવિંદવિપ્ર બને. હા, એવું જ બન્યું. પંડિતોની સભાના સભાસદે રાજા ભોજને કહ્યું : હે દેવ ! આવા જડ - મૂર્ખને આપે આટલું મોટું દાન આપ્યું તે યોગ્ય ન કહેવાય. આપ આવા માનવને આવું મોટું દાન આપો એમાં આપનું ગુણજ્ઞપણું શું ગણાય ? સામા માનવમાં તેવા ગુણ હોય તો એનું આવું બહુમાન વ્યાજબી ગણાય. આમાં તો આપની વિદ્વત્તાને પણ ઝાંખપ લાગે છે. આપની બુદ્ધિપ્રતિભા પર શંકા પેદા થાય છે.

ખુલાસો કરતાં રાજા ભોજ કહે છે : હે પંડિતો ! આ બ્રાહ્મણે જે કહ્યું અને કર્યું એ તમે સમજી શક્યા ? એના બોલવામાં અને એના સંકેતોનો તમે તાગ પામી શક્યા ? પંડિતોએ કહ્યું : ના, અમે કંઈ ન સમજી શક્યા. (પંડિત ગણાતા હોવા છતાં તમારી પંડિતાઈ અને પ્રજ્ઞામાં શંકા ઊભી થાય છે.) સાંભળો એનું રહસ્ય... તેણે મને માસિયાઈ ભાઈ ગણાવ્યો. હકીકતમાં તે મારી માની બેનનો દીકરો નથી... પરંતુ તેણે મને લક્ષ્મીપુત્ર (લક્ષ્મી નામની માતાનો દીકરો) ગણાવ્યો. પોતાને અલક્ષ્મીબેન (લક્ષ્મીની બેન)નો પુત્ર ગણાવ્યો. આ કારણે અમે બંને માસિયાઈ ભાઈ થયા.

ત્યારબાદ મેં તેને પૂછ્યું : મારી માસી (તેની મા) ક્યાં છે ? માતૃસ્વસા કુત્ર ગતા ? ત્યારે જવાબમાં તેણે જણાવ્યું કે - સાંપ્રતં ભસ્મસાદ્ ગતા, ત્વત્પ્રતાપાનલેન ચ ઉડ્ડાયિતા ત્વદ્દાનવાયુના. મતલબ, તારા દાનરૂપી પવનથી ઉડાવાયેલી, તારા પ્રતાપરૂપી અગ્નિથી હાલમાં જ ભસ્મીભૂત થઈ ગઈ ! આટલું કહ્યા પછી પણ મેં તેને કાંઈ ન આપ્યું ત્યારે તેણે પોતાની પાંચ આંગળી બતાવી મને એમ સંકેત આપ્યો - (સાંકેતિક ભાષામાં કહ્યું) જો મને કાંઈ નહિ આપે તો આજથી પાંચમે દિવસે હું કુંટુંબ સહિત મોતને ભેટીશ. તું પ્રાજ્ઞ છે. મારા જેવા દુર્બલોની શુદ્ધિ તારે ખાસ કરવી જોઈએ. (મારા જેવા નિર્ધનની ઉપેક્ષા ન જ કરાય.) આ વાતને ધ્યાનમાં લઈને મેં તેને એક લાખ સોનૈયા આપ્યા. પંડિતોની સભામાં સન્નાટો છવાઈ ગયો. પંડિત કોણ અમે કે તે ? એવો સવાલ ઊભો થયો. બ્રાહ્મણ પુણ્યશ્રીની બુદ્ધિથી ધનાઢ્ય થઈ ગયો, સુખી થયો. બુદ્ધિના લાભો કેવા હોય છે ? બુદ્ધિપૂર્વકની સાંકેતિક ભાષા કેવી હોય છે ? તેનો પ્રભાવ કેવો હોય છે ? તે વિચારવા જેવું છે. ધ

# તેનામાં તે તે ન હોય....

**कामातुराणां न भयं न लज्जा,**

**अर्थातुराणां न च बन्धु-मित्रम् ।**

**क्षुधातुराणां न बलं न तेजो,**

**चिन्तातुराणां न सुखं न निद्रा ।।**

કામાસક્ત માનવને ભય કે શરમ હોતાં નથી. ધનાસક્ત માનવને ભાઈ કે મિત્ર જેવું કાંઈ હોતું નથી. ભૂખ્યા માનવમાં બલ કે તેજ હોતું નથી. જ્યારે ચિંતાગ્રસ્ત માનવને સુખ કે ઊંઘ હોતાં નથી.